# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા (જાન્યુઆરી, ૨૦૦૫)

સમય : સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ **પૂર્વ કસોટી : સત્સંગ પ્રાજ્ઞ : દ્વિતીય ખંડ - પ્રશ્નપત્ર-૧** કુલ ગુણ : ૧૦૦

**નોંધ :- જમણી બાજુએ આપેલ અંક જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**('વચનામૃત'ને આધારે)**

**પ્રશ્ન.૧. (અ) નીચે આપેલાં સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષયમાંથી કોઈપણ ત્રણ વિષે મુદ્દાસર નોંધ લખો.** (ગુણ ૨૧)

૧. ગ.મ. ૧૩ પ્રમાણે પંચવિષય કે કામ, ક્રોધાદિક સ્વભાવ જીત્યાનો ઉપાય.
૨. ગાડાનું દૃષ્ટાંત અને તેનો સિદ્ધાંત.
૩. તે ભક્ત ભગવાનની આજ્ઞાએ કરીને જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં ભગવાનની મૂર્તિ પણ એ ભક્ત ભેળી જ જાય છે.
૪. ગ. મ. ૧૬ પ્રમાણે શ્રદ્ધાની વૃદ્ધિનો ઉપાય.
૫. મૂઆ ટાણે પથારી પર સુવારેલ મનુષ્યના દ્રષ્ટાંતનો મર્મ.

**(બ) નીચેનાં વાક્યોની પૂર્તિ કરો અને વચનામૃતના સંબંધિત ક્રમાંક ટાંકો.** (ગુણ ૧૫)

૧. અને ભગવાનના જે ...................................... ભગવાનના યશને જ સાંભળે.
૨. જે ભગવાનનો ખરેખરો ભક્ત હોય ...................................... શોભે નહીં.
૩. અને એ અક્ષરાતીત ...................................... લીન થાય છે.
૪. માટે ભગવાનની આજ્ઞાએ ...................................... આવીને નિવાસ કરે છે.
૫. અને જેનો સંગ કર્યા પછી ...................................... ત્યાગ કરવો.

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર અભ્યાસક્રમના વચનામૃતને આધારે ક્રમાંક નોંધી બે અવતરણો લખો.** (ગુણ ૪)

૧. આજ્ઞા ૨. એકાંતિક ભક્તનાં લક્ષણો

**('સ્વામીની વાતો'ના આધારે)**

**પ્રશ્ન.૨. (અ) નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** (ગુણ ૬)

૧. જેને દેખીને છાતી ઠરે એવા ગુણ આવ્યાનું શું કારણ છે ?
૨. મહારાજને કેમ આવવું પડે તેમ છે ?
૩. રૂડા ગુણનો શેને કરીને નાશ થઈ જાય છે ?
૪. લાખ રૂપિયાનું મોતી ક્યારે થાય ?
૫. મહારાજ અક્ષરધામમાંથી શા માટે શું લઈને પધાર્યા છે ?
૬. સ્વામીને તાળવું ફાટી જાય એવું દુઃખ ક્યારે થાય ?

**(બ) નીચેનાં વાક્યોમાં કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને પૂર્તિ કરો.** (ગુણ ૪)

૧. પૂર્વે .............................. થઈ ગયા તે કરતાં આ સત્સંગીના છોકરા સામું જોઈએ છીએ તો કરોડગણું અધિક દૈવત જણાય છે. (પરમહંસ, આચાર્યો, મોટા મોટા અવતારો)
૨. જ્ઞાન થયા વિના .............................. પણ ટળે નહિ. (મોહ, વાસના, માયા)
૩. ગમે તેવો સાંખ્યવાળો હોય કે યોગવાળો હોય તેને પણ ........................... રૂપ પાણીની ભમરી બુડાડી દે છે. (વિષય, અજ્ઞાન, સ્ત્રી)
૪. બાર ગુણે યુક્ત બ્રાહ્મણ હોય ને તેને જો પ્રત્યક્ષ ભગવાનની સાથે ઓળખાણ ન હોય તો તે કરતા ભગવાનનો ભક્ત ..................... હોય તે શ્રેષ્ઠ છે. (ગરીબ, શ્વપચ, વાસનાવાળા)

**(ક) અભ્યાસક્રમની સ્વામીની વાતોના આધારે નીચેનામાંથી કોઈપણ એક વિષે વિસ્તૃત નોંધ લખો.** (ગુણ ૧૦)

૧. મહારાજના આશ્રિતોમાંથી કારણશરીર ટાળવાનો સત્પુરુષનો કીમિયો.
૨. સ્વામીના ચાર પ્રશ્નો અને મહારાજનો પ્રત્યુત્તર.
૩. અધર્મસર્ગના નાશનો ઉપાય.

**('ભગવાન સ્વામિનારાયણ ભાગ-૧ તથા ૨' નવી આવૃત્તિને આધારે)**

**પ્રશ્ન.૩. (અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** (ગુણ ૨૦)

૧. બાઈ હરિભક્તોએ ઓળખેલું નીલકંઠનું સ્વરૂપ
૨. ધ્યેયનિષ્ઠા અને સંકલ્પશક્તિ નીલકંઠનો જીવનમંત્ર.
૩. સમાધિપ્રકરણ : સર્વોપરીતાનું આગવું લક્ષણ

**(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષે મુદ્દાસર નોંધ લખો.** (ગુણ ૨૦)

૧. શ્રીહરિની પાંચાળ પ્રદેશની લીલાઓ
૨. લોજમાં નીલકંઠ
૩. સહજાનંદ સ્વામીને ધર્મધુરાની સોંપણી
૪. પિબેકનો પરાજય

---

**નોંધ : (૧) ઉપરોક્ત તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૬ માર્ચ, ૨૦૦૫ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પણ પુછાવાની શક્યતા રહેલી છે.**

(૨) મુખ્ય પરીક્ષા દિને વર્ગખંડમાં હાજર રહેલ પ્રત્યેક પરીક્ષાર્થી ભૂલ્યા વગર વર્ગસુપરવાઈઝર પાસેથી પોતાની જ વિગત દર્શાવતું સ્ટીકર પ્રાપ્ત કરીને પોતાની જ જવાબવહીના મુખ્ય પૃષ્ઠ ઉપર દર્શાવેલ જગ્યામાં ચોંટાડીને વર્ગસુપરવાઈઝરની સહી જવાબવહી ઉપર કરાવી લે. **વર્ગસુપરવાઈઝરની સહી વગરની જવાબવહી માન્ય ગણાશે નહીં.**

(૩) પરીક્ષાર્થી ફક્ત વાદળી અથવા કાળી શ્યાહીવાળી પેનથી જ જવાબવહીમાં ઉત્તરો લખે. પેન્સિલથી, લાલ, લીલી કે અન્ય શ્યાહીથી લખેલ ઉત્તરો માન્ય ગણાશે નહીં.

(૪) દરેક મુખ્ય પ્રશ્નના જવાબનું લખાણ નવા પાનેથી જ શરૂ કરવું.

(૫) અભ્યાસક્રમના પુસ્તકોને જ આધારરૂપ ગણીને લખેલ જવાબ માન્ય ગણાશે.